**રજા પ્રવાસ રાહત**

રાજય સરકાર દ્વારા માન્યતા
પ્રાપ્ત ટ્રાવેલ એજન્સી મારફત
કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**નાણા વિભાગ**
ઠરાવ ક્રમાંકઃમસભ/૧૦૨૦૧૫/૭૦૨/ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-03/૧૨/૨૦૧૫

વંચાણે લીધાઃ- (૧) નાણા વિભાગનો તા.૨૩/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃમસભ/૧૦૨૦૧૫/૭૦૨/ચ

## ઠરાવ

આમુખમાં દર્શાવેલ નાણા વિભાગના તા.૨૩/૪/૨૦૧૫ના ઠરાવની જોગવાઇ અનુસાર રાજય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ટ્રાવેલ એજન્સી દ્વારા કરવામાં આવેલ પ્રવાસને રજા પ્રવાસ રાહતના હેતુ માટે માન્ય ગણવાનું ઠરાવવામાં આવેલ છે.

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે રાજય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ટ્રાવેલ એજન્સી એટલે કે પ્રવાસન કમિશ્નરશ્રી દ્વારા જે ટ્રાવેલ એજન્ટને "LTC Approval Tour Operator" એ પ્રકારનું સર્ટીફીકેટ આપેલ હશે તે જ ટ્રાવેલ એજન્સીમાં કરેલ પ્રવાસને LTC ના હેતુ માટે માન્ય ગણવાનો રહેશે.

પ્રવાસન કમિશ્નરશ્રી દ્વારા જે ટ્રાવેલ એજન્સીને માન્યતા આપવામાં આવે તેઓને માન્યતા આપતા પહેલા નીચેની બાબતો અંગેની બાંહેધરી/ખાત્રી મેળવવાની રહેશે.

(૧) માન્ય ટુર ઓપરેટરની યાદીમાં માત્ર એવી જ એજન્સીઓનો સમાવેશ કરવામાં આવે કે જેઓ ગુજરાત રાજયના મોટર વ્હીકલ ટેક્ષ પેટે બાકી લેણા કે સરકારના અન્ય વિભાગો પાસે તેમના અન્ય કોઇ વેરા, બાકી વસુલાત પડતર ન હોય. પ્રવાસન વિભાગે તેની ખાત્રી કરવાની રહેશે અને એવા જ ટુર ઓપરેટરોને માન્ય ટુર ઓપરેટરની યાદીમાં સમાવેશ કરવાનો રહેશે.

(૨) ઉપરાંત, કેટલીક વખત એવું પણ જોવામાં આવ્યું છે કે આવા ખાનગી ટુર ઓપરેટરો સરકારી કર્મચારી/અધિકારીઓ સાથે સાંઠ ગાંઠ કરીને LTC ને લગતા બોગસ કલેઇમ ઉભા કરવામાં મદદરૂપ થતા હોય છે. જો આવી કોઇ બાબતો/પબ્લિક ફરિયાદો ધ્યાનમાં આવશે તો તે અંગે તપાસ કરીને તેમાં તથ્ય જણાય તો તેમને બ્લેક લીસ્ટેડ જાહેર કરીને તેઓની માન્યતા કાયમ માટે રદ્દ કરવામાં આવશે. આવા ટુર ઓપરેટરો પાસેથી તેને લગતી લેખિત બાંહેધરી પણ મેળવી લેવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.ડી.સેઇલર )
સંયુકત સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

0- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

0- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

0- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર

0- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

0- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

0- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

- સચિવાલયના સર્વે વિભાગો

( ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે )

- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ,
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવદ
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઈટ ઉપર મૂકવા સારુ.
- સીલેકટ ફાઈલ, ચ- શાખા

---------------------

0 પત્ર દ્વારા